# રાંદેરમાં 13 માળેથી ઝંપલાવી કોલેજિયન યુવતીનો આપઘાત

**ગૌરી** નામની આ યુવતી બહારથી આવીને ઈમારત પરથી કૂદી પડી હોવાની પ્રાથમિક વિગતો બહાર આવી



સુરતઃ સુરતના રાંદેર વિસ્તારમાં આવેલી એક હાઇરાઇઝ ઇમારતના ૧૩મા માળેથી રહસ્યમય સંજોગોમાં નીચે પટકાતાં પ્રથમ વર્ષની કોલેજિયન યુવતીનું કરુણ મોત નીપજ્યું છે,

રાંદેર પોલીસ સ્ટેશનથી માત્ર ૮૦ મીટરના અંતરે આવેલા અફસા ટાવરમાં બનેલી આ દુર્ઘટનામાં પ્રાથમિક તપાસ મુજબ મૃતક યુવતીનું નામ ગૌરી છે, જે રાંદેર રોડ સ્થિત નવયુગ કોલેજમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી હતી અને તે પોતે આ ટાવરમાં રહેતી નહોતી પરંતુ બહારથી આવીને ૧૩મા માળે પહોંચી ત્યાંથી નીચે ઝંપલાવ્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ સામે આવ્યું છે. આ સમગ્ર મામલે રહસ્ય ઘેરાયું છે. લોકોમાં વિવિધ ચર્ચાઓ ચાલી રહી છે કે યુવતી પોતાના ઘરથી દૂર આ ચોક્કસ બિલ્ડિંગમાં શા માટે અને કોના સંપર્કથી આવી, ૧૩મા માળ સુધી પહોંચવામાં કોઈ અન્ય વ્યક્તિની સંડોવણી હતી કે કેમ અને આત્મહત્યા છે કે કોઈ અન્ય અગમ્ય ષડયંત્ર કે હત્યા, જે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

# કતારગામમાં 214 તપેલા ડાઈંગને નોટિસ, ત્રણ દિવસ બાદ સીલિંગ

સુરતઃ કતારગામ ઝોનમાં ગેરકાયદે ધમધમતા તપેલા ડાઈંગનો ઝોનકક્ષાએ સરવે કરાવવામાં આવતા પંડોળ સહિતના વિસ્તારોમાં 214 તપેલા ડાઈંગ મળી આવ્યા હતા. આ તમામને પાલિકા દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે. નોટિસ બાદ પણ ગેરકાયદે ડાઈંગ ચાલુ રાખવામાં આવશે તો આગામી ત્રણ દિવસ બાદ સીલિંગ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી ચીમકી કતારગામ ઝોનના ડેપ્યુટી કમિશનર સ્મિત લોઢા દ્વારા આપવામાં આવી છે.

## 15 દિવસ સુધી ટેન્કરથી પાણી આપી લાઇનોની મરામત કરવી પડી

ભરીમાતા વિસ્તારમાં મનપાની કામગીરી દરમિયાન જ ડ્રેનેજ લાઈનમાં ભંગાણ સર્જાયું હતું, તેથી ડ્રેનેજ લાઇનમાં આવતું તપેલા ડાઈંગ યુનિટોનું કેમિકલયુક્ત પાણી પીવાના પાણીની લાઈનમાં લીકેજ વાટે લોકોના ઘર સુધી પહોંચ્યું હતું. જેના કારણે સાબરી નગર, વોટર લીલ્લી રેસીડેન્સી, સહયોગ નગર સહીત ચાર પાંચ સોસાયટીઓમાં સમસ્યાની ગંભીરતા ધ્યાને લઇ સ્મિત લોઢાએ આ વિસ્તારમાં સતત 15 દિવસ ટેન્કરથી પાણી સપ્લાય ચાલુ કરાવી લાઇન રિપેરિંગ કરાવી હતી.।



(તસવીર : સતીષ જાદવ)

# મોદીના જન્મદિવસે તાપી કિનારે ૧૦ હજારથી વધુ દીવા પ્રગટાવાયા

**નવી** સિવિલમાં પણ 500 દીવડા પ્રગટાવવામાં આવ્યા, ડાયમંડ હોસ્પિ.માં નિ:શુલ્ક તપાસ

**ઉધનામાં** સી.આર. પાટીલના હસ્તે 151 બોરવેલના કામની શરૂઆત કરાઈ

**કરમગણેશાની** મહાઆરતી પણ કરાઈ

સુરતઃ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે સુરતમાં અનેક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં મનપા દ્વારા દ્વારા તાપી નદી કિનારે નાવડી ઓવારા ખાતે 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમમાં 10 હજાર જેટલા દીપ પ્રગટાવવામાં આવ્યા હતા. જેમાં કેન્દ્રીય મંત્રીથી માંડીને શહેરના અગ્રણીઓ જોડાયા હતા. નવી સિવિલ હોસ્પિ.માં પણ સ્ટેમસેલ બિલ્ડિંગ ખાતે ટ્રેઈન્ડ નર્સીસ એસોસિએશન ઓફ ઇન્ડિયા દ્વારા ૫૦૦ દીવડા પ્રગટાવવામાં આવ્યા હતા.

મોદીના જન્મદિવસને ધ્યાને લઈને જ ઉધના વિસ્તારમાં આવેલી વિનાયક નગર સોસાયટી ખાતેથી કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલના હસ્તે રૂ. 2.04 કરોડના ખર્ચે કુલ 151 ગ્રાઉન્ડ વોટર રિચાર્જ બોરવેલના કામોનો પ્રારંભ કરાયો હતો.

આ ઉપરાંત સુરત ડાયમંડ એસોસિએશનની આરોગ્ય સમિતિ સંચાલિત માતૃશ્રી રામુબા તેજાણી તથા માતૃશ્રી શાંતાબા વિડીયા હોસ્પિટલ (ડાયમંડ હોસ્પિટલ) દ્વારા 17 સપ્ટેમ્બરના રોજ હોસ્પિટલ ખાતે વિવિધ વિભાગોમાં નિ:શુલ્ક OPD તપાસ અને તબીબી કન્સલ્ટેશન સાથે ફ્રી પ્રસૂતિ કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં કુલ 1,170 દર્દીઓએ નિ:શુલ્ક OPD તપાસ અને કન્સલ્ટેશનનો લાભ લીધો હતો. જ્યારે 21 પ્રસૂતિઓ, જેમાં નોર્મલ તેમજ સિઝેરિયન ડિલિવરીનો સમાવેશ થાય છે, તે પણ નિ:શુલ્ક કરવામાં આવી હતી. મોદીના દીર્ઘાયુ માટે સુરતના હીરા ઉદ્યોગપતિ કનુ આસોદરિયા દ્વારા રૂ.1000 કરોડના મૂલ્યાંકનના દાવા સાથે 'કરમ ગણેશા' ડાયમંડની વિશેષ મહાઆરતી કરવામાં આવી હતી.



# માનવ દૂધ કેમ્પમાં ૧૧૪ માતાઓ દ્વારા ૫.૩૮ લિટર ધાવણનું દાન

સુરતઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે સુરતના અગ્રસેન ભવન ખાતે આયોજીત ૩૩મા 'માનવ દૂધ દાન કેમ્પ'માં ૧૧૪ પ્રસુતા દ્વારા કુલ ૫૩૮૦ મિલિલીટર એટલે કે ૫.૩૮ લિટર માતાનું દૂધ એકત્રિત થયું હતું. સુરત અમૃતમ ફાઉન્ડેશન, સુરત પીડિયાટ્રિક એસો. ચેરિટેબલ ટ્રસ્ટ, નવી સિવિલ હોસ્પિ.ના બાળરોગ વિભાગ તેમજ મોઢ વણિક મહિલા સંગઠન, શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ, અખિલ હિંદ મહિલા પરિષદ (બૃહદ સુરત શાખા) અને ઈનર વ્હીલ ક્લબ ઓફ સુરતના સહયોગથી કેમ્પ યોજાયો હતો. એક દાયકાથી વધુ સમયથી SPACT અને અમૃતમ ફાઉન્ડેશનના કુંજ પંસારી દ્વારા સુરતમાં માનવ દૂધ દાનને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. કાર્યક્રમમાં UNICEF ગુજરાતના ડૉ. કાનુપ્રિયા સિંઘલ, ડૉ. નારાયણ ગાંવકર તથા નવી સિવિલના મેડિકલ સુપરી. ડૉ. પારુલ વડગામા હાજર રહ્યા હતા.

# વૃદ્ધાની હત્યા કરીને પણ મહિલા માત્ર 626 રૂપિયા જ લૂંટી શકી

**નાનપુરાના** મોનાલીસા એપાર્ટ.માં હત્યાન ઘટનામાં હત્યારી મહિલાને જેલમાં મોકલાઈ

સુરતઃ નાનપુરા સ્થિત મોનાલીસા એપાર્ટમેન્ટમાં ૮૪ વર્ષીય વિધવા વૃદ્ધા આમેના ઉર્ફે એમીબેન અબ્દેઅલી મોતીવાલાની હત્યામાં પોલીસ તપાસમાં અનેક વિગતો બહાર આવી છે. હત્યા કરનાર કેરટેકર તરીકે કામ કરતી અને નાનપુરામાં જ ઈન્દ્રનીલ એપાર્ટ.માં રહેતી 35 વર્ષિય આરોપી છાયા મુકેશભાઈ શાહ મકાનમાં લૂંટના ઈરાદાથી પ્રવેશી હતી. વૃદ્ધાના ઈન્કારથી તેણે તેની હત્યા કરીને અને બાદમાં લોખંડના કબાટમાંથી રોકડા રૂ.૧, ૨, ૫, ૧૦ના સિક્કા તથા ૧૦ અને ૨૦ની ચલણી નોટો મળી કુલ રૂ.૬૨૬ લૂંટી લીધા હતા અને મોબાઈલ લઈને ભાગી છૂટી હતી.

## ચૂલા પર સિમ કાર્ડ, લોહીવાળાં કપડાં ઝાડીઓમાં સળગાવ્યાં

ગુનો આચર્યા બાદ પુરાવાનો નાશ કરવા માટે આરોપીએ પોતાનાં લોહીવાળાં કપડાં ઘરની પાછળની ગેલેરી પાસેની ઝાડીઓમાં અડધાં સળગાવી દીધાં હતાં. ઉપરાંત મૃતક વૃદ્ધાના મોબાઈલ ફોનનું સિમ કાર્ડ પોતાના ઘરમાં ગેસના ચૂલા પર સળગાવી દઈ પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો.

## લૂંટ અને પુરાવા નાશ બદલ વધુ કલમનો ઉમેરો

અઠવાલાઈન્સ પોલીસ ઈન્સ્પેક્ટર ટી.એ.ગઢવી દ્વારા કોર્ટમાં ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ ૧૦૩(૧) (હત્યા)ની મૂળ ફરિયાદમાં કલમ ૩૦૯(૨) (લૂંટ), ૩૩૨(એ) અને ૨૩૮ (પુરાવાનો નાશ કરવો)નો ઉમેરો કરવા વિનંતી રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે.

# શ્રીજીસ્થાપનમાં જગન્નાથ રથયાત્રાની 3D ઝાંખી




સુરતઃ વેસુ, એસ.એનએસ સ્પ્લેનડિડ એપાર્ટ.માં રહેતા બિજલહેન રાજેશ શાહ અને તેમના દિકરા દિયાણ દ્વારા ગણેશજી અને શ્રી જગન્નાથજીની ભક્તિને સમર્પિત આ પ્રતિકૃતિ 'વિવિડ વિઝ્યુઅલ્સ' દ્વારા કન્સેપ્ટોચ્યુઅલાઈઝ અને એક્ઝિક્યુટ કરવામાં આવી છે. ઘરના મુખ્ય દરવાજાથી જ રથયાત્રાનો પ્રારંભ થાય છે, જેમાં ભગવાન કેવી રીતે રથમાં બિરાજમાન થાય છે ત્યાંથી લઈને સમગ્ર યાત્રાનું આબેહૂબ નિરૂપણ કરાયું છે. આ ડેકોરેશન માટે વિશેષ મશીનરીથી રેન્ડરિંગ કરીને ૩-ડી પ્લાસ્ટિક પર પ્રિન્ટિંગ કરવામાં આવ્યું છે, જેનાથી તમામ વિગતો એવી રીતે ઉપસી આવી છે કે જાણે સાક્ષાત રથયાત્રા ચાલી રહી હોય!

# નાના ગણેશ મંડપોમાં વાંસની બોલબાલા

**9 દિવસનું** વાંસનું ભાડું રૂ.10 હજારથી 1 લાખ સુધી

સુરતઃ ગણેશોત્સવ દરમિયાન મંડપ-પંડાલોના બાંધકામમાં પરંપરાગત બામ્બુ-વાંસના માળખાનો ઉપયોગ ધીમે ધીમે ઘટી રહ્યો છે. ખાસ કરીને મોટા ગણપતિ મંડપોમાં હવે લોખંડ અને એલ્યુમિનિયમના રેડી સ્ટ્રક્ચરનો ઉપયોગ વધ્યો છે. બામ્બુનો ઉપયોગ મુખ્યત્વે નાના અને મધ્યમ કદના પંડાલોમાં થતો હોવાનું મંડપ કોન્ટ્રાક્ટરો જણાવી રહ્યા છે.

મંડપ કોન્ટ્રાક્ટર કિશન પંચાલના જણાવ્યા મુજબ મંડપની સાઈઝ અને ડિઝાઈન પ્રમાણે બામ્બુ વાંસના માળખાનું નવ દિવસનું ભાડું આશરે રૂ.10 હજારથી રૂ.1 લાખ સુધી વસૂલવામાં આવે છે.

સુરતમાં ગણપતિ મંડપોમાં વપરાતા કાચા વાંસનો પુરવઠો સ્થાનિક તેમજ બહારના વિસ્તારોમાંથી થાય છે. ગુજરાતના આદિવાસી અને વન વિસ્તાર ધરાવતા વિસ્તારોમાંથી સ્થાનિક બાંસ બજારમાં આવે છે.

ઉપરાંત મહારાષ્ટ્રના નંદુરબાર, ધુલે અને નાસિક સહિતના વિસ્તારોમાંથી પણ વાંસ સુરતના વેપારીઓ સુધી પહોંચે છે. કેટલાક વેપારીઓ મધ્યપ્રદેશ અને આસપાસના રાજ્યોમાંથી પણ જથ્થો મંગાવતા હોવાનું બજાર સાથે સંકળાયેલા લોકો જણાવે છે.

સુરતમાં બાંસ સામાન્ય રીતે વાંસના વેપારીઓ, મંડપ ડેકોરેટર્સ અને પંડાલ કોન્ટ્રાક્ટરો મારફતે ગણપતિ મંડળો સુધી પહોંચે છે. ઉધના-પાંડેસરા અને ઉધના GIDC વિસ્તારમાં લાકડું, કેન તથા વાંસ સંબંધિત વેપારનું પ્રમાણ જોવા મળે છે. સૈયદપુરા-કતારગામ વિસ્તારમાં પણ વાંસનો સ્થાનિક વેપાર થાય છે.

મોટા અને થિમ આધારિત ગણપતિ પંડાલોમાં સ્ટ્રક્ચરની મજબૂતી, ઝડપથી એસેમ્બલી અને પુનઃ ઉપયોગ જેવાં કારણોસર મેટલ તથા એલ્યુમિનિયમ ફ્રેમવર્કને પ્રાધાન્ય મળી રહ્યું છે. પરિણામે અગાઉ પંડાલ બાંધકામમાં મહત્ત્વનું સ્થાન ધરાવતા વાંસના પરંપરાગત માળખાનો હિસ્સો ઘટ્યો છે. જોકે, નાનાં ગણપતિ મંડળો અને સ્થાનિક વિસ્તારોના પંડાલોમાં વાંસ હજુ પણ ઉપયોગી છે.

ઓછા કદના માળખા, પરંપરાગત દેખાવ અને ઉપલબ્ધતા જેવાં કારણોસર વાંસની માંગ સંપૂર્ણપણે સમાપ્ત થઈ નથી. સુરતમાં વાંસના વેપાર સાથે સંકળાયેલા બજારના લોકોના જણાવ્યા મુજબ ગણપતિની સિઝનમાં માંગમાં વધારો થાય છે, ગણપતિ પંડાલ માટેના વાંસનો કુલ વાર્ષિક વેપાર અંદાજે 4થી 5 કરોડનો થાય છે.

# વિસર્જનના 15 દિવસ બાદ પ્રતિમા પાછી ફરે છે



સુરતઃ ડુમસ દરિયામાં અંદાજે દોઢ થી બે કિલોમીટર દૂર આવેલા બેટ પર દાંડે ગણેશજીનું નાનકડું મંદિર આસ્થાનું અનોખું કેન્દ્ર બન્યું છે. આશરે 30 થી 35 વર્ષ પહેલા બેટ પર ઝાડ પાસે લાકડાની બે ફૂટની ગણેશજીની મૂર્તિ મળી હતી. સ્થાનિક જલારામ ભક્ત મંડળ અને માછીમારોએ મૂર્તિનું બે-ત્રણ વખત દરિયામાં વિસર્જન કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ માન્યતા મુજબ દરેક વખતે આશરે 15 દિવસ બાદ મૂર્તિ ફરી એ જ સ્થળે આવી જતી હતી. ત્યારબાદ બેટ પર જ મૂર્તિની સ્થાપના કરી મંદિર બનાવાયું. મોટી ભરતી કે ઉકાઈમાંથી પાણી છોડાય ત્યારે પણ મૂર્તિ અડીખમ રહે છે. ભક્તો હોડી મારફતે દરિયો પાર કરી કાદવભર્યા રસ્તે દર્શન કરવા પહોંચે છે.






દિશિકા મુખર્જી, ઈડન એન્કલેવ, પાલનપુર કેનાલ રોડ, અડાજણ



અવીર વિસ્મય ડુમસવાલા, દેવ દર્શન સોસા., પીપલોદ



માહી અમરકુમાર પટેલ, કતારગામ



હેતલ જરીવાલા, ઝનકાર એકેડેમી ઓફ ભરટનાટ્યમ, અલથાણ



પ્રિયલ અને મેઘા વ્યાસ, વિનાયક ચા રાજા, સિટીલાઈટ શોપિંગ સેન્ટર



હિરેનભાઈ પ્રકાશભાઈ મોદી, વનરાજભાઈ રાશિવાળા, હેમંતભાઈ, બાલાજી બંગલો, ભીમરાડ



મેહુલ પરમાર, જહાન્વી પરમાર, સિટીલાઈટ, સુરત



જય માલી, ખાંગડ શેરી, સલાબતપુરા



રાકેશ મેઘાત, જલારામ સોસાયટી, સણિયા હેમાદ, સુરત



દિપીકા દેવાંગ પાટીલ, સ્ટરલીના ડિઝાઈન, VIP સર્કલ, ઉત્રાણ



દિવ્યા, પૂનમ અને મનીષ ડાકોરિયા, સાઈનાથ-2, ન્યૂ સિટીલાઈટ રોડ



જયશ્રી દેસાઈ, કિન્નરી દેસાઈ, દીપ્તિ દેસાઈ, પૃષા, રાગિની, એમિની, નીલકંઠ એવેન્યુ, પાલ



દર્શન દોરીવાલા, આરા શેરી યુવક મંડળ, ગોપીપુરા




શિક્ષા પટેલ, જહાંગીરાબાદ



કૃતિકા વ્યાસ, જિજ્ઞેશ વ્યાસ, આરવ વ્યાસ, ગંગાનગર, દાંડી રોડ



રવિ બંસીલાલ, રૂદરપુરા,ખારવાવાડ, સુરત



હેતલ જરીવાલા, D1007 હાઈ ટેક એવન્યુ, વેસુ